# 17th Ministerial Meeting of Asia Cooperation Dialogue

January 21, 2021

## એશિયા સહકાર સંવાદની 17મી મંત્રીઓની બેઠક

જાન્યુઆરી 21, 2021

1. 21 જાન્યુઆરી 2021 નાં રોજ "નવું સામાન્ય અને સુરક્ષિત અને તંદુરસ્ત પ્રવાસન" વિષય હેઠળ વર્ચ્યુઅલી એશિયા સહકાર સંવાદ (ACD) ની 17મી મંત્રીઓની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વિદેશ મંત્રાલયનાં સચિવ (પૂર્વ) શ્રીમતિ રિવા ગાંગુલી દાસે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

2. પોતાની ટિપ્પણીઓમાં, સચિવ (પૂર્વ) દ્વારા કોવિડ-19 દ્વારા ઉભા થયેલા પડકારનાં સામે સંકલિત પ્રતિભાવ માટે આહ્વાન કરવામાં આવ્યું હતું, અને રેખાંકન કર્યું હતું કે વૈશ્વિક આર્થિક રીકવરી માટે પ્રબળ બહુપક્ષીય સહકાર અતિ મહત્વપૂર્ણ છે. આ સંદર્ભમાં, સચિવ (પૂર્વ) દ્વારા કહેવામાં આવ્યું હતું કે જીવનનિર્વાહ પરત લાવવા માટે જૂના વ્યાપારો સજીવન કરવા મહત્વપૂર્ણ છે, પરંતુ આપણે નવા વ્યાપારનાં નમુનાઓનું અન્વેષણ કરવા માટે નવીનીકરણ અને સહાયકતાઓ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

3. નોકરીઓ સુનિશ્ચિત કરવા તેમજ સાસ્કૃતિક અને કુદરતી વારસાનું રક્ષણ કરવા માટે પ્રવાસન સેક્ટરને સજીવન કરવાનું અને પુનઃનિર્માણ કરવાની પ્રબળ જરૂરીયાતની ઓળખ કરતા, સચિવ (પૂર્વ) દ્વારા પ્રકાશ પાડવામાં આવ્યો હતો કે ભારત 3Tની નીતિનાં ભાગરૂપે પ્રવાસન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે જેમાં "'ટ્રેડ, ટુરિઝમ અને ટેક્નોલોજી" સમાહિત છે. સચિવ (પૂર્વ) દ્વારા સુરક્ષિત અને તંદુરસ્ત પ્રવાસનનો પ્રચાર કરવા માટે નિદાનનાં સાધનો, સારવારો અને રસીઓની યથોચિત અને વૈશ્વિક સુલભતાનાં વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરતા પ્રયાસો મજબૂત કરવાની જરૂરીયાત રેખાંકિત કરવામાં આવી હતી. આ સંદર્ભમાં, સચિવ (પૂર્વ) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે  ભારતમાંથી રસીઓ અનુદાન સહાયતા હેઠળ ભારતનાં પાડોશીઓ એવા ભૂતાન, માલદિવ, નેપાળ, બાંગ્લાદેશ, મ્યાનમાર અને સેશેલ્સ પહોંચવાનું શરૂ થયું છે.

4. સચિવ (પૂર્વ) દ્વારા ભારત-મ્યાનમાર-થાઈલેન્ડ ટ્રાઈલેટરલ હાઈવે, અને કમ્બોડિયા, લાઓસ અને વિયેતનામ સુધી તેનું સંભવિત વિસ્તરણ સહિત એશિયામાં કનેક્ટિવિટી પ્રમોટ કરવા માટે ભારત દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ પહેલ પર પ્રકાશ પાડ્યો હતો. ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) અને કોલિશન ફૉર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) જેવી પહેલથી વૈશ્વિક પર્યાવહરણ કાર્યવાહી તથા આફત નિવારણ આંતરમાળખાનાં વિકાસ પર સકારાત્મક ધ્યાન કેન્દ્રિત કરવામાં સફળ થઇ છે.

5. આતંકવાદ વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે ગંભિર જોખમ ઉભુ કરવાનું ચાલું રાખે છે તે બાબત પર ભાર મૂકતા, સચિવ (પૂર્વ) દ્વારા આતંકવાદને તેનાં તમામ સ્વરૂપોમ સાથે દૂર કરવા માટે વધારે મોટા સહકાર માટે આહ્વાન કર્યું હતું. સચિવ (પૂર્વ) એ વધુ ભારપૂર્વક કહ્યું હતું કે ASEAN જેનાં કેન્દ્રમાં છે તેવા ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં સામાન્ય પડકારો સામે નવીન સંકલન અને સહકારની આવશ્યકતા છે. 2019 માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર

મોદી દ્વારા જાહેર કરવામાં આવેલ ઈન્ડો-પેસિફિક ઓશન્સ ઈનિશિએટિવ (IPOI) ફ્રી, ઓપન, સમાવેશક અને શાસન-આધારિત ઈન્ડો-પેસિફિક પ્રાંત માટે આહ્વાન કરે છે, જે પ્રાંતમાં તમામ માટે સુરક્ષા અને વૃદ્ધિ (SAGAR) નો પ્રચાર કરે છે.

6. અધ્યક્ષ તરીકે ACD નું વહન કરવા અને 17મી મંત્રીઓની બેઠક યોજવા બદલ સચિવ (પૂર્વ) દ્વારા તૂર્કી સરકારનો આભાર માનવામાં આવ્યો હતો.

7. આ બેઠકનાં અંતે, તમામ ACD દેશો દ્વારા "અંકારા ડીક્લેરેશન" ગ્રહણ કરવામાં આવ્યું હતું.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 21, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.